GJVD020024092025

**૦૪થા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ.–વડોદરા.**

**ફરીયાદી–** શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપીઓ–** **સન્ની રમેશભાઈ પાટીલ**
રહે. એકતાનગર મરાઠી મહોલ્લો આજવા નગર વડોદરા.

**તહોમત–** **જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ**

**– ચુકાદો –**

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે જી.પી. એકટ કલમ–૧૩૫ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોય, આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**3.** આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન રાખેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આ અદાલત પાસે આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આરોપીને સજા અંગે પુછતા આરોપીનું એ સ્પષ્ટ કથન છે કે, આ ગુન્હો તેમનાથી કોઈ પણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે તેમજ નામદાર ગુજરાત વડી

અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નંબર–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકત ધ્યાને લઈ, નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહું ચુકાદાના પાના નંબર–૭૨૧ ઉપર પેરા–૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આ સંજોગોમાં આરોપીની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીને ઉપરોક્ત ગુનાઓમાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## <u>–આખરી હુકમ–</u>

**૧.** આ કામના આરોપીને શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી, જી.પી. એક્ટ કલમ–૧૩૫ મુજબ રુા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો, દિન–૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ માં જાહેર કર્યો.

**(બી. આર. વાઘેલા)**
**૦૪થા એડી. ચીફ જ્યુડી.**
**મેજી.વડોદરા.**
**કોડ નંબર GJ00993**

**તા. ૦૮/૦૩/૨૦૨૫**
**વડોદરા.**